
# બાયડ પાલિકા વિસ્તારમાં આચારસંહિતા ભંગની ફરિયાદ, તમામ વિકાસના કામો ઉપર બ્રેક લગાવવા આદેશ

## તાત્કાલિક પાલિકામાં ડેજીગ્નેટેડ અધિકારીની નિયુક્તિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણી જાહેર થઈ છે અને આચારસંહિતાનો અમલ થયો છે છતાં બાયડ પાલિકા વિસ્તારમાં વિકાસના કામો ચાલી રહ્યા છે તેવા સાધનિક પુરાવા સાથે ભાજપના અગ્રણીઓએ બાયડ પ્રાંત અધિકારી ડૉ.વિમલભાઈ બારોટ રજૂઆત કરતાં પાલિકા વિસ્તારમાં ચાલી રહેલાં તમામ વિકાસના કામો ઉપર બ્રેક લગાવવા આદેશ આપ્યા છે. બાયડ પાલિકા ચીફ ઓફીસર સામાજીક કારણોસર રજા ઉપર ગયા છે જેથી તાત્કાલિક પાલિકામાં ડેજીગ્નેટેડ અધિકારીની નિયુક્તિ માટે જિલ્લા કલેકટરને ભલામણ કરવામાં આવી છે. બાયડ પાલિકામાં આચારસંહિતા અમલી હોવા છતાં વિકાસ કામો ચાલુ હોવાથી જવાબદાર કોન્ટ્રાકટર સામે અધિકારી ખફા થયાનું જાણવા મળ્યું છે.



અરવલ્લી જિલ્લાની જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા-બાયડ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી જાહેર થતાં આદર્શ આચારસંહિતાનો અમલ થવાની સાથે બાયડ પાલિકા વિસ્તારના નોડલ અધિકારીની પણ નિયુક્તિ કરવામાં આવી છે પરંતુ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, જિલ્લા સંગઠન મંત્રી મણીભાઈ પંચાલ, તત્કાલિન બાયડ પાલિકા ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ સહિત ભાજપના આગેવાનોએ મંગળવારે બાયડ પ્રાંત અધિકારીને રજૂઆત કરી હતી કે પાલિકા વિસ્તારમાં ચૂંટણી જાહેર થતાં આચારસંહિતા અમલી બની છે પરંતુ કેટલાક વિસ્તારોમાં વિકાસના કામો ચાલી રહ્યા છે, કઈ અદ્રશ્ય શક્તિ દ્વારા આ વિકાસના કામોનું સંચાલન થઈ રહ્યું છે..?? તેવી રજૂઆત થતાં પ્રાંત અધિકારી દ્વારા તાબડતોબ બાયડ પાલિકાના ઈજનેરને બોલાવવામાં આવ્યા હતા અને જ્યાં પણ વિકાસના કામ ચાલતા હોય ત્યાં તાબડતોબ બ્રેક લગાવવા આદેશ કર્યો છે.

**આચારસંહિતા ભંગ થઈ હશે તો કાર્યવાહી થશે : પ્રાંત અધિકારી**

બાયડ પ્રાંત અધિકારી ડૉ.વિમલભાઈ બારોટનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે બાયડ પાલિકા વિસ્તારમાં સામાન્ય ચૂંટણી યોજાવવાની છે અને આચારસંહિતા અમલી છે પરંતુ કેટલાક આગેવાનો દ્વારા આચારસંહિતા ભંગ થઈ રહી છે, વિકાસના કામો ચાલી રહ્યા છે તેવી રજૂઆત થતાં આ અંગે જરૂરી તપાસ કરવા માટે સૂચના આપવામાં આવી છે. આચારસંહિતા ભંગ થઈ હશે તો નિયમાનુસાર કાર્યવાહી થશે.

**બાયડ પાલિકાના તમામ ચીફ ઓફીસરોની કામગીરી શંકાસ્પદ**

બાયડ પાલિકામાં તમામ ચીફ ઓફીસરોની કામગીરી શંકાસ્પદ રહેવાની સાથે ચર્ચામાં રહી છે. શરૂઆતમાં નિયુક્તિ થયા પછી ડાહી વાતો કરનારા ચીફ ઓફીસર સમય જતાં એવા કયા દબાણમાં આવી જાય છે કે પ્રજાને યેનકેન પ્રકારે હાલાકી વેઠવી પડે છે. લોક ચર્ચાતો એવી છે કે પાલિકામાં જે કોઈ ચીફ ઓફીસરો આવ્યા તે પૈકી કેટલાક ચીફ ઓફીસરોના સગા અને મિત્રોએ જ પેટા કોન્ટ્રાક્ટમાં કામ કર્યા હતા. આવી લોકચર્ચાતી વાતોમાં તથ્ય છે કે કેમ..?? તે તપાસવું જોઈએ.

# જિલ્લામાં શાળાના દરવાજા આગળ વિદ્યાર્થીઓને વ્યસનનું વળગણ : શિક્ષણ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં

## ૪૦૦થી વધુ શૈક્ષણિક સંકુલો આગળ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, સીગારેટનું વેચાણ

બાયડ તા.૦૨

શિક્ષણ વિભાગ સ્વીકારે કે ન સ્વીકારે પરંતુ અભ્યાસ કરતા



વિદ્યાર્થીઓમાં તમાકુ, સીગારેટનું વ્યસન ઘર કરતું જાય છે. શૈક્ષણિક સંકુલો પાસે ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, સીગારેટનું વેચાણ કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ધો.૯ થી ૧૨ના વર્ગો શરૂ થયા પછી તેનો ક્યાંય અમલ થતો નથી. શિક્ષણ સંકુલમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને શાળાના દરવાજા આગળથી વ્યસનમાં વળગી રહે છે. શિક્ષણ વિભાગ વ્યસન મુક્તિ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવા તૈયાર ન હોવાથી વિદ્યાર્થીઓ તમાકુ, ગુટખા તેમજ સીગરેટના રવાડે ચઢ્યાં છે.

વ્યસનીયોને તમાકુ, બીડી, સીગારેટના વ્યસનથી દૂર કરવા માટે સામાજીક સંસ્થાઓ વ્યસન મુક્તિ અભિયાન ચલાવી રહી છે. સરકારે અભિયાન માત્ર સામાજીક સંસ્થાઓના માથે થોપી દઈ પોતાની જવાબદારીઓથી હાથ ઉંચા કરી નાખ્યા હોય તેવું જણાઈ રહ્યું છે. સરકારે તમાકુ નિયંત્રણધારો બનાવ્યો છે પરંતુ તે માત્ર કાગળનો વાઘ સાબિત થયો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જાણે અજાણે વ્યસનના રવાડે ન ચઢી જાય તે માટે શૈક્ષણિક સંકુલો આસપાસ ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુ, ગુટખા અને સીગારેટના વેચાણ ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો. પરંતુ ગુજરાતી આરંભે સૂરા..ની જેમ થોડાક સમય માટે શૈક્ષણિક સંકુલો નજીકથી ગલ્લા-કેબિનો હટાવવાનાં નાટક કરવામાં આવ્યાં પરંતુ ત્યાર પછી બધું જ અભરાઈએ ચઢી જતાં મોટાભાગના શૈક્ષણિક સંકુલો પાસે ગલ્લા-કેબિનોમાંથી તમાકુ, ગુટખાનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. જ્યારે વિદ્યાર્થીઓ પણ દેખાદેખીથી વ્યસનના રવાડે ચડ્યા છે. શિક્ષણ વિભાગે વ્યસન મુક્તિ અભિયાનને રીતસરની તિલાંજલિ આપી દેતાં શાળા-મહાશાળાઓ પાસે તમાકુ, ગુટખા, બીડી અને સીગારેટનું વેચાણ થઈ રહ્યું છે. શૈક્ષણિક સંકુલો પાસે પ્રતિબંધ મૂકાયા પછી હમણાં સુધી તેનું યોગ્ય પાલન થયું નથી જેથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યાને જોઈ કમાણી કરવાના આશય સાથે ઉભા કરવામાં આવતા ગલ્લા-કેબિનોમાં અનેક પ્રકારના વ્યસન વેચાતાં હોવાથી કુમળી વયના વિદ્યાર્થીઓ લલચાઈ રહ્યાં છે.

**તમાકુ નિયંત્રણ ધારાનો શાળાઓ નજીક કેમ અમલ નહીં : પૂછાતો સવાલ**

જિલ્લામાં તમાકુ નિયંત્રણ ધારો અમલી બન્યા પછી શરૂઆતમાં એસ.ટી. બસ મથક તેમજ અન્ય જાહેર સ્થળોએ દેખાડા ખાતર તેની કામગીરી થઈ હતી પરંતુ ત્યાર પછી કોઈ ઠોસ કાર્યવાહી વ્યસનીઓ સામે થઈ શકી નથી. તંત્ર જાહેર સ્થળોએ તમાકુ નિયંત્રણ ધારાનો અમલ કરાવી શકતું હોય તો પછી શૈક્ષણિક સંકુલો નજીક તેનો કેમ અમલ થતો નથી..?? તેવા સવાલો પૂછાઈ રહ્યા છે.

# બાયડ-ગાબટ રોડ ઉપર ડામર કામ શરૂ થયું, વિજપોલ, ઝાડ ઉભાં રહેતાં અકસ્માતોનો ભય

બાયડ તા.૦૨

બાયડ-ગાબટ રોડ પહોળો કરવા સાથે ડામર કામ શરૂ થતાં વાહન ચાલકોમાં ખુશાલી છવાઈ છે પરંતુ વિજપોલ અને ઝાડ ઉભાં રહેતાં વારંવાર ગમખ્વાર અકસ્માતનો ભય વધી જશે તેવી રજુઆત વસાદરા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ અતુલભાઈ કે. પટેલ દ્વારા કરવામાં આવી છે.

**અડચણરૂપ વૃક્ષ, વિજપોલ હટાવવા પૂર્વ સરપંચની માંગ**

તાલુકા અને જિલ્લામાં ગામે ગામ વાહનોની સંખ્યામાં વધારો થયો છે પરંતુ રસ્તા એના એ જ રહેતાં ટ્રાફીકજામ અને અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે ત્યારે રાજ્યની ભાજપ સરકાર દ્વારા અનેક ગ્રામ્ય વિસ્તારના માર્ગો પહોળા કરવાની સાથે નવેસરથી ડામર કરવાની કામગીરી હાથ ઉપર લેવામાં આવી છે. બાયડ, ગાબટ, દહેગામ રોડ ઉપર દરરોજના હજારો નાના-મોટા વાહનો અવર જવર કરતા હોય છે. અત્યાર સુધી સીંગલપટ્ટી રસ્તો હોવાથી અકસ્માતોનું પ્રમાણ વધતું હતું. પરંતુ સરકારમાં થયેલી રજૂઆત પછી રોડની બંન્ને સાઈડો ઉપર વાઈડરીંગ કામ કરી રોડનો પહોળો કરવામાં આવ્યો છે અને હવે નવેસરથી ડામરકામ શરૂ થતાં વાહન ચાલકોમાં ખુશાલી



જોવા મળે છે પરંતુ જે રીતે માર્ગ ઉપર લીલા વૃક્ષ પ્રત્યે સંવેદના દાખવી એજન્સી દ્વારા રસ્તા પરનાં વૃક્ષ દૂર ન કરાતાં ભવિષ્યમાં ગમખ્વાર અકસ્માતનું કારણ બની શકે છે. આ સંજોગોમાં આ વિસ્તારના કેટલાક આગેવાનોએ આર.એન્ડ બી. સ્ટેટના ઈજનેરને રજૂઆત કરી ડામર રોડ ચાલી રહ્યો છે તે રોડ ઉપર અડચણરૂપ વૃક્ષ અને વિજ થાંભલા તાબડતોબ હટાવી ડામરકામ કરવામાં આવે તેવી માંગ કરી છે.

# ભિલોડા તાલુકાના ૧૫ ગામના ખેડૂતો પ્રધાનમંત્રી કિસાન સન્માનનીધી યોજનાના લાભથી વંચિત

બાયડ, ભિલોડા (બ્યુરો ઓફિસ) તા.૦૨

પ્રધાનમંત્રી કિસાન સન્માનનીધી યોજનાના રૂા.૨-૨ હજાર દરેક ખેડૂતના ખાતામાં ગત વર્ષે જમા કરવામાં આવ્યા હતા પરંતુ ભિલોડા તાલુકાના ખોડંબા સહિતના ૧૫ ગામના ખેડૂતોના ખાતામાં આજદિન સુધી સહાય જમા ન થતાં ખેડૂતોમાં કચવાટ જોવા મળ્યો છે. કુશ્કી ગામની દેના ગ્રામીણ બેન્કમાં પૈસા જમા થયા છે કે કેમ..?? તેની વારંવારની ખાત્રી કરીને ખેડૂતો પણ હવે થાક્યા હોય તેવી સ્થિતિ છે.

**કુશ્કી ગામની દેના ગ્રામીણ બેન્કના ધક્કા ખાઈ ખેડૂતો થાક્યા**

કેન્દ્ર સરકારે ખેડૂતોને સમૃદ્ધ બનાવવા માટે કૃષિલક્ષી બજેટ સહિત અનેક વિકલ્પોને અપનાવ્યા છે. ખેડૂતના ખાતામાં દર વર્ષે રૂા.૬૦૦૦ની રોકડ સહાય જમા થાય તેવો નિર્ણય લઈ પ્રધાનમંત્રી કિસાન સન્માનનીધી યોજના હેઠળ સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના લાખો ખેડૂતોના ખાતામાં કરોડો રૂપિયાની રોકડ રકમ જમા થઈ હતી પરંતુ ત્યાર પછીના કેટલાક હપ્તાઓમાં અનેક ખેડૂતોના ખાતામાં રકમ જમા થઈ ન હોવાની ફરિયાદો સામે આવી છે. ભિલોડા તાલુકાના ખોડંબાના ખેડૂત કમલેશ પટેલે જણાવ્યું કે અમારા ગામ ઉપરાંત બ્રહ્મપૂરી, લાલપુર છાપરા, દેવનીમૉરી, અઢેરાગોડ, નવલપુર, વાઘપુર, ફુલા, હિંમતપુર, વાંદીયોલ સહિતના ૧૫ થી વધુ ગામોના ખેડૂતોના ખાતામાં અત્યાર સુધી રૂા.૨૦૦૦ની રોકડ સહાય કુશ્કી ખાતેની દેના ગ્રામીણ બેન્કમાં આવેલા ખેડૂતોના ખાતામાં જમા થતી હતી પરંતુ ૨૫ ડિસેમ્બર પછી આવેલા હપ્તા ખેડૂતોના ખાતામાં જમા થયા નથી. કોરોના કાળમાં ખેડૂતો પાયમાલ થયા છે ત્યારે સહાયની રોકડ રકમ ખેડૂતો માટે સંજીવની રૂપ બની શકે છે.

# અરવલ્લીમાં વિદેશી દારૂની હેરાફેરી પર પોલીસની સર્જીકલ સ્ટ્રાઈક

બાયડ તા.૦૨

રાજસ્થાનમાંથી ગુજરાત સરહદે વિદેશી દારૂ ઘુસાડવાનું શરૂ થયું છે. કાતિલ ઠંડીમાં પોલીસ આરામ ફરમાવતી હશે તેમ માનીને દારૂ ઘુસાડવાની પેરવી થઈ પરંતુ બુટલેગરોનો ખેલ ઉંધો પડ્યો છે. અરવલ્લી પોલીસે દારૂની હેરાફેરી ઉપર સર્જીકલ સ્ટ્રાઈક કરી છે. મંગળવારે શામળાજી પોલીસ સ્ટેશન હદના અણસોલ નજીક પરપ્રાંતિય વાહનમાં સડી ગયેલા વટાણાની આડમાં સંતાડેલ ૮૯ પેટી વિદેશી દારૂ સાથે ચાલકની અટકાયત કરી હતી. પોલીસે કુલ રૂા.૪,૫૮,૬૨૦નો મુદ્દામાલ જપ્ત લીધો છે. પોલીસને મળી આવેલા મોબાઈલમાંથી અનેક રાજ ખૂલી શકે છે.

**અણસોલ નજીક સડી ગયેલા લીલા વટાણા ભરેલા વાહનની આડમાં વિદેશી દારૂની હેરાફેરી : રૂા.૨.૫૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો, એક જ દિવસમાં દારૂની હેરાફેરીમાં ઉછાળો**

શામળાજી પોલીસ સ્ટેશનમાં પોસ્ટીંગ લેવા માટે અગાઉના સમયમાં લાગવગ ચાલતી હતી. શામળાજી પોલીસ વિદેશી દારૂ પ્રકરણમાં અગાઉ બદનામ થયેલી છે. પોલીસ અધિકારી અને કર્મચારી ઉપર પકડાયેલા દારૂના વેપલાના ગંભીર આરોપ લાગેલા છે. પરંતુ નવનિયુક્ત પોલીસ વડાના આગમન પછી આશ્ચર્યજનક રીતે



વિદેશી દારૂનો જથ્થો શામળાજી પોલીસ ઝડપી રહી છે. મંગળવારે રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશેલી પીકઅપ(નં.આર.જે.૦૬-જીએ-૧૩૨૭)ને થોભાવતાં તેમાંથી સડી ગયેલા લીલા વટાણા ભરેલા બારદાન જોવા મળ્યા જેથી પોલીસને શંકા જતાં તપાસ હાથ ધરી તો આશ્ચર્ય વચ્ચે તેમાં સંતાડેલ વિદેશી દારૂની રૂા.૨,૫૬,૩૨૦ ની કિંમતની ૮૯ પેટી મળી આવી હતી. પોલીસે ચાલકની યોગ્ય સરભરા કરતાં તેની પાસેથી મોબાઈલ મળી આવ્યો હતો અને રાજસ્થાનના શિવલાલ પન્નાલાલ માલી(રહે.દેવગઢ)માં તેની સંડોવણી હોવાનું ચાલક કૈલાસચંદ્ર હજારીજી પેમાજી માલીએ સ્વીકાર્યું છે. પોલીસ દ્વારા ચાલક પાસેથી મળી આવેલા મોબાઈલના આધારે વિદેશી દારૂ ક્યાં પહોંચાડવાનો હતો..?? તેની તપાસ શરૂ કરવામાં આવી છે.

# ડીસાના રાજપુર ગામે રહેતી સગીરાનું અપરહણ

## ગામના જ યુવક વિરુદ્ધ ગુનો દાખલ

ડીસા, તા. ૨

ડીસાના રાજપુર ગામે રહેતા અને મજૂરી કરી ગુજરાન ચલાવતા એક ગરીબ પરિવારની સગીરાનું ગામમાં જ રહેતો યુવક લલચાવી ફોસલાવી અપરહણ કરી ભગાડી ગયો હતો. આ મામલે સગીરાની બહેને ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની પોલીસ ફરિયાદ ની વિગતો જોતા ડીસાના રાજપુર ગામે રહેતા એક ગરીબ પરિવારમાં પિતાના મોત બાદ નિઃસહાય થયેલ પરિવારના તમામ સદસ્યો મજૂરી કામ કરી ગુજરાન ચલાવે છે. આ પરિવારની એક ૧૬ વર્ષીય સગીરા નજીક માં જ બટાકા તોલના મજૂરી કામે જતી હતી. પણ ગત રવિવારના રોજ બપોર બાદ આ સગીરા એકાએક ગુમ થઈ ગઈ હતી જેથી પરિવારજનો દ્વારા મોડી રાત સુધી શોધખોળ બાદ જાણવા મળેલ કે આ સગીરા સાથે બટાકાના તોલમાં રાજપુર ગામમાં જ રહેતો પિન્ટુભાઈ પરમાર નામનો યુવક પણ જતો હતો .જેથી તેના પરિવારજનો દ્વારા રાજપુર ખાતે યુવકના ઘરે જઈ તપાસ કરતા તે યુવક પણ ઘરે હાજર ન હોઈ તેના પરિવારજનોને પૂછતાં તેઓએ કહેલ કે તે સવાર ઘરે નથી. જેથી આ સગીરાના પરિવારજનોને જાણ થયેલ કે પિન્ટુભાઈ કાંતિભાઈ પરમાર તેને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોવાનો વહેમ પડતા તેઓએ પિન્ટુ અને સગીરાનો મોબાઈલ લગાવતા બને નમ્બર બન્ધ આવતા હતા. જેથી આ મામલે સગીરાની બહેને ડીસા દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસ પિન્ટુભાઈ કાંતિભાઈ પરમાર વિરુદ્ધ કલમ ૩૬૩,૩૬૬ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દિયોદર પંથકમાં કારની ટકકરથી બાઈક સવારનું મોત : કાર ચાલક ફરાર

ડીસા, તા. ૨

દિયોદર પંથકમાં કારની ટક્કરે બાઈક સવાર આધેડનું મોત થયાની ઘટના સામે આવી છે. આજે સવારે ઘરેથી કામઅર્થે નીકળેલાં આધેડને એક કાર ચાલકે ટક્કર મારી હતી. જે બાદમાં સ્થાનિકો સહિતના એકઠાં થઈ જતાં તેમને તાત્કાલિક દિયોદર સારવાર અર્થે ખસેડ્યા હતા. જોકે માથાના ભાગે ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત થયુ હતુ. ઘટનાને લઈ મૃતકના ભાઈએ ફરાર કાર ચાલક સામે દિયોદર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના દિયોદર પંથકના વખાથી ઈસરવા રોડ પર અકસ્માતની ઘટનામાં આધેડનું મોત થયુ છે. ભાભર તાલુકાના કુવાળા ગામના રાયમલભાઈ દેસાઈ પોતાનું બાઈક લઈ તેરવાડા જવા નિકળ્યાં હતા. જે બાદમાં વખાથી ઈસરવા જતાં રોડ પર બેન્સા નજીક બપોરના એકાદ વાગ્યે સામેથી આવતી મારૂતિ ૮૦૦ કારના ચાલકે ગફલતભરી રીતે કાર ચલાવી તેમને ટક્કર મારી હતી. જેથી રાયમલભાઈ નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતાં મોતને ભેટ્યા હતા.


સૂત્રોએ જણાવ્યું હતુ કે, અકસ્માત સર્જીને મારૂતિ ૮૦૦નો ચાલક કાર મુકી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં મૃતકના ભાઈ સહિતના તાત્કાલિક દિયોદર સરકારી હોસ્પિટલ દોડી આવ્યા હતા. આ તરફ અકસ્માતમાં માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓને કારણે રાયમલભાઈનું મૃત્યુ થતાં પરિવારજનો શોકમગ્ન બની ગયા છે. ઘટનાને લઈ મૃતકના ભાઈ મગનભાઈએ ફરાર કારચાલક સામે ફરીયાદ નોંધાવી છે. જેને લઈ દિયોદર પોલીસે આરોપી સામે આઈપીસી ૨૭૯, ૩૦૪ એ અને મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ ખાતે ચાઈનીઝ સલાટ કોબીજનું વાવેતર

**પ્રાંતિજના મોટા બે થી ત્રણ ખેડૂતોએ અખતરો કરવા માટે વાવેતર કર્યું : વિટામિન થી ભરપુર હોય છે ચાઇનીઝ કોબીજ હોટલોમાં મોટા ભાગે વપરાશ થાય છે : બજારમાં ભાવ પણ મળે છે અને લગ્ન પ્રસંગોમાં પણ સલાટ માટે તેની માંગ : બજારમા ૫૦ થી ૮૦ સુધીમાં એક દંડો વેંચાય છે : હોલસેલ માર્કેટ માં ૨૦ કિલો ૫૦૦ સુધીનો ભાવ મળે છે**

પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજીની ખેતીમાં પ્રખ્યાત છે અને



તેમા પણ પ્રાંતિજનું ફલાવર ખુબજ વખણાય છે અને તેની માંગ પણ રહે છે ત્યારે વર્ષોથી પ્રાંતિજના ખેડૂતો ફલાવરની ખેતી કરે છે અને જોડે કોબીજ નું પણ વાવેતર કરેછે ત્યારે પ્રાંતિજ ના બે થી ત્રણ મોટા ખેડૂતોએ આ વર્ષે ચાઈનીઝ કોબીજની ખેતી નો અખતરો કરવામાં આવ્યો.

પ્રાંતિજ સહિત પ્રાંતિજ તાલુકામાં શાકભાજી નું હબ છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં શાકભાજી માં મુખ્યત્વે ફલાવર-કોબીજનું મોટા પ્રમાણમાં વાવેતર ખેતી કરવા આવે છે જયારે અન્ય શાકભાજી પણ વાવેતર થાય છે પણ શાકભાજી માં ફલાવર ની ખેતી પુષ્કળ પ્રમાણમાં થાય છે અને પ્રાંતિજનું ફલાવરની માંગ પણ હોય છે જેમાં અમદાવાદ, સુરત, વડોદરા, મુંબઇ, પુના સહિતના બજારો માં પુષ્કળ માગ છે ત્યારે પ્રાંતિજ માં ફલાવર પકવતા બે થી ત્રણ ખેડૂતો દ્વારા આ વર્ષ ચાઈનીઝ કોબીજ નું વાવેતર કર્યું છે અને આ ચાઈનીઝ કોબીજ મોટા ભાગે લગ્ન પ્રસંગોમાં અને મોટી નાની હોટલોમાં વપરાશ થતો હોય છે ત્યારે બજારમાં ભાવ પણ ખુબજ મળે છે તો આ ચાઈનીઝ કોબીજ ખાવાથી વિટામીન પણ થી ભરપુર હોય છે અને જેથી જ તે બજાર માં ભાવ મળે છે અને બજાર માં છુટકમા ૫૦ થી ૮૦ રૂપિયા માં પર પ્રીસ વેચાય છે અને હોલસેલ માર્કેટ માં ૨૦ કિલો ના ૫૦૦ સુધી માં વેચાણ થાય છે ત્યારે પ્રાંતિજ માં ફલાવર ની ખેતી મોટા ખેડૂતમાં જે મણુ નામ મોખરે છે એ પટેલ મિતેશભાઈ



જશુભાઈ એ પોતાના ખેતરોમાં આ વર્ષ માત્ર અખતરો કરવામાટે બે જેટલા પાળીયા જેટલું વાવેતર કર્યું છે અને ભાવ પણ સારો એવો મળે છે જેથી અન્ય ખેડૂતો ને પણ ચાઈનીઝ કોબીજનું વાવેતર કરવામાં મિતેશભાઈ પટેલે જણાવ્યું હતું.

# બામણા કોલેજમાં મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ. શાંતાબેન હરગોવિંદ દાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. અંતર્ગત બામણા કોલેજમાં મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા અંગેનો કાર્યક્રમ યોજાયો હતો.વિદ્યાર્થીઓ, સ્ટાફ દ્વારા મતદાન અંગે પ્રતિજ્ઞા લીધી હતી. આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન અપાયું હતું. કોલેજ સ્ટાફ,



વિદ્યાર્થીઓ,બામણા બી. એલ . ઓ. મોહનભાઈ પટેલ,પુનાસણ બી.એલ. ઓ. મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.સંચાલન એન. એસ.ઓ. પ્રો.ઓ. નિવૃત્તિ આર.જોષીએ કર્યું હતું.

# બામણા શાળા-કોલેજમાં ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી

ભિલોડા,તા.૨

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ડી.એમ.બી.પી.હાઈસ્કુલ,કુમાર છાત્રાલય બામણાના સંયુક્ત ઉપક્રમે ૭૨માં પ્રજાસત્તાક પર્વની મહેન્દ્રભાઈ જી. ઉપાધ્યાયના વરદ્ હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. અતિથિ વિશેષ પ્રવિણભાઈ સી.વ્યાસ,બામણા ગ્રામ



પંચાયત સરપંચ રાજેન્દ્રસિંહ જોધ્ધા, બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,પ્રમુખ દિનેશભાઈ ભટ્ટ, મંત્રી જગદીશભાઈ જોષી,કોલેજ આચાર્ય ડૉ.કલ્પનાબેન પટેલ, શાળા આચાર્ય ગોવિંદભાઈ જી.પટેલ, ગ્રામજનો, સ્ટાફ,વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.રાષ્ટ્રધ્વજ લહેરાવી દેશભક્તિના ગીતોનું ગાન કરાયું હતું.આભાર દર્શન જી.જી.પટેલએ કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન ભીખાભાઈ પટેલએ કર્યું હતું.